"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં. તા: ૦૮/૦૬/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________ સુરત

જાત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

<u>લેઉવા પટેલ સમાજની બ્રેનડેડ નિધી જીતેશ મેંદપરાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપીમાનવતાની મહેક પ્રસારી સમાજનેનવી દિશા બતાવી.</u>

<u>સુરતમાંથી ડોનેટ લાઈફ દ્વારા છેલ્લાં પાંચ દિવસમાં ચાર બ્રેનડેડ વ્યક્તિઓનાં પરિવારજનો સાથે સમજણ કેળવી ૭ કિડની, ૩ લિવર, ૮ ચક્ષુઓનું દાન કરાવીને ૧૮ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું.</u>

નામ: નિધી જીતેશભાઈ મેંદપરા ઉ. વ. ૩૨ બ્લડગ્રુપ: O+ve

રહેવાસી: બી-૫૦૧, શુકન હાઈટ્સ, સિંગણપોર કોઝવે રોડ, સુરત.

મૂળરહેવાસી: ગામ. ભૂતિયા, તા: સીહોર, જી. ભાવનગર.

કૌટુંબિકવિગત: પતિ: જીતેશ રણછોડભાઈ મેંદપરા ઉ.વ. ૩૩
હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે.
પુત્ર : શ્લોક જીતેશ મેંદપરા ઉ.વ. ૫
અભ્યાસ:- સિનીયર કે.જી. સેંટ મેરી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ
પુત્રી : કશવી જીતેશ મેંદપરા ઉ.વ. ૨

૨...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવનીવિગત:

બુધવાર તા: ૬ જુનનાં રોજ સવારે નિધી એ દીકરા શ્લોકને તમાચો મારતાં પતિ જીતેશે તેને ઠપકો આપતાં કીધું કે નાના બાળક ઉપર હાથ ન ઉગામાય. ત્યારબાદ જીતેશ પોતાના ધંધાર્થે ચાલી ગયો હતો. થોડા સમય પછી નીધીએ જીતેશને ફોન કરી જણાવ્યું કે હું હવે જાઉં છું. તેથી જીતેશે પૂછ્યું કે અત્યારે ક્યાં જાય છે. ત્યારે નીધીએ જણાવ્યું કે તમે આપણા દીકરા-દીકરીનું ધ્યાન રાખજો, એમ કહી ફોન કટ કરી દીધો. તેથી જીતેશને કંઇક અજુગતુ લાગતાં તે તરત જ પોતાના ઘરે પહોંચ્યો. ત્યારે બાળકો રમતાં હતા અને નિધીએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધેલ હતો. તેથી જીતેશ દરવાજાને ધક્કો મારી ખોલતા નિધી પંખા સાથે લટકતી હાલતમાં હતી. તેથી પડોશીઓને બોલાવીને નિધીને નીચે ઉતારી તાત્કાલિક કિરણ હોસ્પીટલમાં ડૉ. હર્દિપ મણીયારની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

ગુરુવાર તા: ૭ જુનનાં રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. કુણાલ નાથે CT બ્રેનનો રીપોર્ટ કઢાવતા તેમાં બ્રેનની એક્ટીવીટી બિલકુલ ન હતી. ત્યારબાદ ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોર  અને  ન્યુરોફીજીશ્યન ડૉ. કુણાલ નાથે નિધીને બ્રેનડેડ જાહેર કરી.

કિરણ હોસ્પીટલના મેડીકલ એડમિનિસ્ટ્રેટર ડૉ. સ્નેહલ કુંગરાણીએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી નિધીના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોંચી સૌ પ્રથમ હોસ્પીટલના મેડીકો લીગલ એક્સપર્ટ ડૉ. વીનેશ શાહનો ટેલીફોનીક સંપર્ક કરી નિધીના કેસ અંગેની ચર્ચા કરી. ત્યારબાદ નિધીના પતિ જીતેશ, પિતાશ્રી મનજીભાઈ હરખાભાઇ કેવડીયા, માતૃશ્રી કંચનબેન મનજીભાઈ કેવડીયા, ભાઈ ભાવેશભાઈ, જેઠ દિલીપભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

નિધીના પતિ જીતેશ તેમજ માતા-પિતા કંચનબેન અને મનજીભાઈ તેમજ સૌ પરિવારજનોએ જણાવ્યું કે બનવાકાળ જે બનવાનું હતું તે બની ગયું. અમારી દીકરીએ ક્ષણીક આવેશમાં આવીને આ પગલું ભર્યું. પરંતુ આજે જ્યારે તે બ્રેનડેડ છે અને તેનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે શરીર અંગો બળીને રાખ થઈ જાય તેના કરતાં તેના દાન થકી કોઈકના લાડકવાયાને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

3 ...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7852 Dt. 04-12-2004

DONATE LIFE™
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)નાડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુચેત ચૌધરી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની ઉદયપુર, રાજસ્થાનના રહેવાસી પ્રખર અશોકકુમાર જૈન ઉ.વ. ૨૭, જ્યારે બીજી કિડની નાગૌર, રાજસ્થાનના રહેવાસી પ્રદીપ બસ્તિમલ સરગ ઉ.વ. ૨૪ અને લિવર ભાવનગરના રહેવાસી જીતેન્દ્રસિંહ પ્રવીણસિંહ ગોહિલ ઉ.વ. ૪૮માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં નિધીના પતિ જીતેશભાઈ, પિતા શ્રી મનજીભાઈ, માતૃશ્રી કંચનબેન, ભાઈ ભાવેશ, જેઠ દિલીપભાઈ તથા પરિવારના અન્ય સભ્યો, ન્યૂરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોર, ન્યૂરોફીજીશિયન ડૉ. કુણાલ નાથ, ડૉ. હર્દિપ મણીયાર, ડૉ. વિતરાગ શાહ, ડૉ. સ્નેહલ ડુંગરાણી, કિરણ હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નિલેશ માંડલેવાલા અને યોગેશ પ્રજાપતિ નો સહકાર સાંપડ્યો હતો..

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૫૬ કિડની, ૧૦૪ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૨૦ ચક્ષુઓના દાન મેળવીને ૬૦૦ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.